# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA
NAAC Re-Accreditation CGPA 3.11 GRADE – 'A'
Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


**એકેડેમીક વિભાગ**

## પરિપત્ર

વિષયઃ બી.એડ્.અભ્યાસક્રમ ૨૦૨૩-૨૪ માં પ્રવેશ મેળવવા માટેની અંતિમ તક.
સંદર્ભઃ તા. ૧૨/૦૭/૨૦૨૩ ની કાર્યાલય નોંધ.

**બી.એડ્.અભ્યાસક્રમ ૨૦૨૩-૨૪ માં પ્રવેશ મેળવવા માટેની અંતિમ તક નીચે મુજબ રહેશે.**

૧. જે વિદ્યાર્થીઓએ અગાઉ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી યુનિવર્સિટીમાં તમામ અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન કરાવેલ હોય તેઓએ અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન કરાવવાનું રહેશે નહી, તેમજ નવું ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.

૨. જે વિદ્યાર્થીઓ બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતાં હોય તેવાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઇટ પર બી.એડ્. અભ્યાસક્રમની માહિતીપુસ્તિકાનો અભ્યાસ કરી માહિતીપુસ્તિકાના પેજ નં. ૪૧ થી ૪૩ માં દર્શાવેલ બી.એડ્. કોલેજોના કોન્ટેક નંબર પર અથવા રૂબરૂ કોલેજનો સંપર્ક કરી ખાલી સીટ અંગેની માહિતી મેળવી, **તા. ૨૬/૦૭/૨૦૨૩ થી તા. ૨૮/૦૭/૨૦૨૩ , બપોરના ૨.૦૦ કલાક** સુધી જે તે કોલેજમાં હાજર થવાનું રહેશે.

૩. જે કોલેજમાં સીટ ખાલી રહેલ હોય અથવા વિદ્યાર્થીઓએ પોતાનો પ્રવેશ રદ્દ કરાવેલ હોય તો તે ખાલી થયેલ/રહેલ સીટ પર વિદ્યાર્થીઓના પ્રવેશ ફાળવવા માટે જે તે કોલેજ દ્વારા વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ તથા તમામ અસલ દસ્તાવેજો અને તેની નકલ સહિત પ્રવેશ ફોર્મ પર પ્રવેશ આપવા અંગેની ભલામણ, તેમજ આચાર્યશ્રીના સહી સિક્કા કરાવી યુનિવર્સિટીમાં **તા. ૨૬/૦૭/૨૦૨૩ થી તા. ૨૮/૦૭/૨૦૨૩ , સાંજના ૫.૦૦ કલાક** સુધી રૂમ નં. ૧૧૮ માં વેરીફીકેશન કરાવી જે તે વિદ્યાર્થીનો તેઓની કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.

૪. જે વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ નથી તેવાં વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ જે તે કોલેજ દ્વારા યુનિવર્સિટીમાં અસલ દસ્તાવેજોનું વેરીફીકેશન કરાવ્યા બાદ જી.એચ.પટેલ કમ્પ્યુટર સેન્ટરમાં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ત્યારબાદ યુનિવર્સિટીમાં રૂમ નં. ૧૧૮ માં જે તે વિદ્યાર્થીનો પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.

**નોંધ :** ૧. યુનિવર્સિટી/NCTE, New Delhi દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહી.
૨ પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.
૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે બી.એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરવામાં આવે છે જે અંગે તમામ વિદ્યાર્થીઓએ તથા બી.એડ્. કોલેજના આચાર્યશ્રીઓએ ખાસ નોંધ લેવી.

નંબરઃ ડી/બી.એડ્./૨૦૨૩-૨૪/૨૬૩૮
તારીખઃ ૨૪/૦૭/૨૦૨૩
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાનાઃ
૧. આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજો તરફ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવા જાણ સારૂ.
૨. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા જાણ સારૂ.
૩. કુલપતિશ્રીના અંગત મદદનીશ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર તરફ જાણ સારૂ.